# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

**સારસ્વત ભવન, અભિષેક બિલ્ડીંગ, હોટલ હવેલીની સામે, સેક્ટર -૧૧, ગાંધીનગર**

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી સપ્ટેમ્બર-2024 માટે રાજ્ય આચાર્ય સંઘના સત્તાવાર (માન્ય) ઉમેદવાર નક્કી કરવા માટે પાર્લામેન્ટરી બોર્ડના નીતિ નિયમો**

જિલ્લા/શહેર ઘટક સંઘના પ્રમુખશ્રી /મંત્રીશ્રીઓ, રાજ્ય ના હોદ્દેદારશ્રીઓ,સંસદ- કારોબારી સભ્યશ્રીઓ, સમગ્ર ગુજરાતના સારસ્વત મિત્રો

વર્ષ 2024 માં યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં રાજ્ય આચાર્ય સંઘ દ્વારા તા- 21/8 /2024 ના રોજ મુખ્ય હોદ્દેદારોની બેઠકમાં પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવામાં આવી. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની પાર્લામેન્ટરી બોર્ડની મીટીંગ પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષના પ્રમુખ સ્થાને તા- 21/ 8/ 2024 ને બુધવારના રોજ યોજવામાં આવી. જેમાં પાર્લામેન્ટરી બોર્ડના તમામ સભ્યોની હાજરીમાં આગામી ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂંટણી અંગે ઉમેદવારના નોર્મ્સ અંગે પુખ્ત ચર્ચા વિચારણા કરી નીચે મુજબના નીતિ નિયમો નક્કી કરવામાં આવ્યા.

(અ) જિલ્લા / શહેર ઘટક સંઘે કરવાની કાર્યવાહી:-

1. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ સાથે સંલગ્ન જીલ્લા/શહેર આચાર્ય સંઘે ગુંજરત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયેલ હોઈ પત્ર કરી ચૂંટણીમાં ઉમેદવારી કરવા ઈચ્છતા સભ્ય આચાર્ય પાસેથી અરજી મંગાવવાની રહેશે.
2. ઘટક સંઘના સંભ્યની અરજી મળ્યેથી બંધારણ મુજબ એજન્ડા મુજબ કામની નોંધ કરી જિલ્લા / શહેર ઘટક સંઘની કારોબારી સભા બોલાવીને શક્ય હોય તો સર્વાનુંમતે અને વિવાદ ઊભો થાય તો બહુમતીથી જિલ્લાનો માન્ય ઉમેદવાર નક્કી કરવાનો રહેશે. આ સભામાં એક જ નામ પાર્લામેન્ટરી બોર્ડને ઠરાવ સાથે મોકલી શકાશે તેમાંથી યોગ્ય લાગે તે સક્ષમ ઉમેદવારને પાર્લામેન્ટ્રી બોર્ડ માન્ય રાખશે.
3. જિલ્લા / શહેર ઘટક સંઘ કારોબારી સમિતિએ માન્ય કરેલ ઉમેદવારે જેતે ઝોન ના મહામંત્રી પાસેથી રૂબરૂ રૂ 5000(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ભરીને નિયત નમૂનાનું ફોર્મ મેળવીને જિલ્લા/ શહેર ઘટક સંઘના પ્રમુખ અથવા મંત્રી બે માંથી એકની સહીથી પરત મોકલવાનું રહેશે.

Scanned with OKEN Scanner

પ્રમુખ/મંત્રી ઉમેદવાર હોય ત્યાં ઉપપ્રમુખશ્રીની સહી હોવી જરૂરી છે.રૂબરૂ સુનાવણી સમયે કારોબારી સમિતિના અસલ પ્રોસેડિંગ ઠરાવ બુક સાથે રાખવાની છે.

4. જિલ્લા /શહેર ઘટક સંઘ તેમના માન્ય ઉમેદવારનું નામ રજૂ કરે ત્યારે ડિપોઝિટની રકમ ફરજીયાત પણે રૂ. 2.00.000 (અંકે રૂપિયા બે લાખ પુરા ) ફોર્મ સાથે રોકડા અથવા "ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ"ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ આપવાનો રહેશે.
5. જે જિલ્લા / શહેર ઘટક સંઘ પાર્લામેન્ટરી બોર્ડના આદેશનું પાલન કરશે તેને જ ડિપોઝિટની રકમ ચૂંટણી પૂરી થયા પછી પરત થવાને પાત્ર રહેશે અને જે જિલ્લા/ શહેર ઘટક સંઘ પાર્લામેન્ટ્રી બોર્ડના આદેશનું પાલન ન કરે તેની ડિપોઝિટની રકમ પરત થવાને પાત્ર રહેશે નહીં તથા જે જિલ્લા /શહેર ઘટક સંઘના ઉમેદવારને પાર્લામેન્ટરી બોર્ડ ઉમેદવારી કરવા માન્યતા આપશે તેની રકમ ₹2, 00,000. (અંકે રૂપિયા બે લાખ પુરા ) આચાર્ય સંઘમાં ચૂંટણી ખર્ચ પેટે જમા રહેશે.
6. માન્ય ઉમેદવારે રૂ. 2,00,000 (અંકે રૂપિયા બે લાખ પુરા) ચૂંટણી ખર્ચ પેટે જમા કરાવેલ છે તે રકમ ફક્ત રાજ્યના પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ અને સભ્યો ઉમેદવારના ચુંટણી ખર્ચમાં વાપરી શકશે. ઉમેદવારે ચૂંટણી માટેનો તમામ ખર્ચ જાતે કરવાનો રહેશે.
7. ચૂંટણી લડતા ઉમેદવારે પોતાનું ચૂંટણીને લગતું સાહિત્ય પોતાના ખર્ચે છપાવવાનું રહેશે તેમજ ન્યુઝ પેપર્સમાં આપવાની થતી જાહેરાત વિગેરેનું તમામ ખર્ચ ઉમેદવારે જાતે ભોગવવાનું રહેશે. ચૂંટણી ખર્ચની રકમમાંથી રાજ્ય આચાર્ય સંઘ ઉમેદવારને કોઈ ખર્ચ આપશે નહીં જેની ઉમેદવારે નોંધ લેવી.
8. ઉમેદવારી કરનાર ઉમેદવાર જે તે ઘટક સંઘમાં છેલ્લા પાંચ વર્ષથી સભ્ય તરીકે નોંધાયેલ હોવો જોઈએ તથા સંઘના લેણા નિયમિત રીતે ભરેલા હોવા જોઈએ. આ ઉપરાંત આચાર્ય તરીકેની ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી બાકી હોવી જોઈશે. તેમજ જે તે ઘટક સંઘે સર્વાનુમતે તેની પસંદગીનો ઠરાવ કરેલો હોવો જોઈશે.
9. પાર્લામેન્ટરી બોર્ડે નિયત કરેલ તારીખ સુધીમાં ઉમેદવારી કરવા ઇચ્છતા ઉમેદવારે અધ્યક્ષશ્રી અથવા જે તે ઝોનના મહામંત્રીને ડિપોઝિટની રકમ ₹2,00,000 (અંકે રૂપિયા બે લાખ પુરા) રોકડા અથવા ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ, ઉમેદવારનો બાયોડેટા પાસપોર્ટ સાઈઝ ના ફોટા સાથે તેમજ ફોર્મ ફી રૂ. ૫.000 (અંકે રૂપિયા પાંચ હજાર) રૂબરૂ જમા કરાવવાના રહેશે. ટપાલ કે કુરિયર થી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ તથા ભૂતકાળના અનુભવના આધારે ડીપોઝીટ કે ફોર્મ ફી ચેક થી સ્વીકારવામાં આવશે નહિ જેની નોધ લેશો.

Scanned with OKEN Scanner

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી માટે સત્તાવાર (માન્ય) ઉમેદવાર તરીકે માન્યતા આપવાના નિયમો

1. ગુજરત રાજ્ય આચાર્ય સંઘ મા પાર્લામેન્ટ્રી બોર્ડ જિલ્લા/ શહેર ઘટક સંઘ ની તેઓએ નક્કી કરેલા ઉમેદવાર માટે રૂબરૂ સુનાવણી સમયે ફરજીયાત ઉમેદવારે હાજર રહેવાનું રહેશે તથા જે તે ઘટક સંઘના જવાબદાર હોદ્દેદારો અધ્યક્ષ,પ્રમુખ,મહામંત્રી જે તે જિલ્લાના રાજ્યના હોદ્દેદારો સહિત વધુમાં વધુ પાંચ પ્રતિનિધિ ઉમેદવાર સાથે હાજરી આપી શકશે.
2. રજૂઆત કરવા આવનાર ઘટક સંઘના પ્રતિનિધિ મંડળે માત્ર તેઓના ઉમેદવારની રજૂઆત કરવાની છે અન્ય જિલ્લા/શહેર ઘટક સંઘના ઉમેદવારોની સાથે હાજરી આપી શકાશે નહીં તથા અન્ય જિલ્લાનો ઉમેદવાર માટે રૂબરૂ રજૂઆત કરી શકાશે નહીં.
3. જિલ્લા/શહેર ઘટક સંઘે માન્ય ઉમેદવારનું નામ નક્કી કરતી વખતે રાજ્ય / જિલ્લા/ શહેર ઘટક સંઘમાં વફાદારી, સક્રિયતા, યોગદાન અને તેની સંગઠનની કામગીરી લક્ષમાં લેવાની રહેશે .
4. ગુ. મા. ઉ. મા શિક્ષણ બોર્ડની અગાઉની ચૂંટણી સમયે જિલ્લા/શહેર ઘટક સંઘની ભૂમિકા,આચાર્ય સંઘના રાજ્યકક્ષાના કાર્યક્રમો, અધિવેશનો અને સારસ્વત સભ્ય સંખ્યા અને કલ્યાણનિધિમાં ઉમેદવાર અને ઘટક સંઘનું યોગદાન લક્ષમાં લેવાશે.
5. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીઓમાં જે શહેર/ જિલ્લા ઘટક સંઘની માન્ય ઉમેદવાર તરીકે પસંદગી ન થઈ હોય તેમ જ ભૂતકાળમાં શહેર / જિલ્લા ઘટક સંઘને તક ન મળી હોય તેવા ઘટક સંઘને પસંદગીમાં અગ્રતા આપતા પહેલા ઉમેદવારની સક્ષમતા તેમજ જીતની શક્યતા ચકાસવાની રહેશે.
6. જે તે જિલ્લા/શહેર ઘટક સંઘની બાકી લહેણી રકમ હોય તો ઉમેદવારી પત્ર મેળવતા પહેલા કાર્યાલયમાં ફરજીયાત જમા કરાવવાની રહેશે.
7. પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો પૈકી કોઈપણ સભ્ય પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ ઉમેદવારી નોધાવશે તો તે પાર્લામેન્ટરી બોર્ડ નો સભ્ય રહેશે નહિ.
8. જિલ્લા/શહેર ઘટક સંઘ આ ચૂંટણી માટે જે તે ઉમેદવારની પસંદગી કરે ત્યારે તે નીચેની બાબતો ધ્યાનમાં રાખશે.

A. જે તે જિલ્લા/શહેર ઘટક સંઘમાં કાર્યક્ષમતા, વફાદારી, સક્રિયતા તેમજ યોગ્યતાની ચકાસણી કરવામાં આવશે.

B. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના માન્ય ઉમેદવારબની બોર્ડના સભ્ય બનનાર રાજ્ય આચાર્ય સંઘના વખતોવખત ના આદેશનું પાલન કરે તેની બોહેધરી લેવાની રહેશે.

Scanned with OKEN Scanner

C. ઉમેદવાર આચાર્ય તરીકે ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ અને જે તે જિલ્લા /શહેર ઘટક સંઘનું પાંચ વર્ષનું સભ્યપદ, સારસ્વત તેમજ કલ્યાણનિધિ નું સભ્ય પદ ધરાવતો હોવો જોઈએ.

D. કોઈપણ જિલ્લા/શહેર ઘટક સંઘ પાર્લામેન્ટરી બોર્ડ નક્કી કરે તે ઉમેદવાર સિવાયના ઉમેદવારની મદદ કે તરફેણ કરશે તો તે ઘટક સંઘ 10 (દસ ) વર્ષ માટે રાજ્ય સંઘના કોઈપણ હોદ્દાનો દાવો કરી શકશે નહીં તેમજ બળવાખોર ઉમેદવાર ઘટક સંઘમાં પ્રમુખ કે મહામંત્રીનો હોદ્દો ગ્રહણ કરી શકશે નહીં. તેમ કરવામાં કસુર થશે તો જિલ્લા ઘટક સંઘને રાજ્ય સંગઠનનું જોડાણ આપવામાં આવશે નહીં.

E. ગુ. મા અને ઉ. મા શિક્ષણ બોર્ડમાં ઉમેદવારી માટે રાજ્ય સંગઠનને રજૂઆત કરતી વખતે ₹300 ના સ્ટેમ્પ પેપર પર સંગઠનને વફાદારી અંગે અને સંગઠન વિરુદ્ધ કામ નહીં કરે તેની નિયત નમુના મુજબ લેખિત બાહેધરી આપવાની રહેશે. આ ઉપરાંત ઉમેદવારી પરત ખેંચવા અંગેનું ફોર્મ, અધિકારપત્ર સાથે પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ શ્રી ને રૂબરૂ ફરજિયાત આપવાનું રહેશે.

F. ગુ. મા અને ઉ .મા શિક્ષણ બોર્ડમાં તેમના કાર્યકાળ દરમિયાન રાજ્યના આચાર્યોના હક તથા હિત પોતાના હૈયે રાખીને વર્તશે જેની ચકાસણી ઘટક સંઘે કરવાની રહેશે અને ઘટક/ રાજ્ય સંઘ માં તેણે સક્રિય રહેવાનું રહેશે તેમજ રાજ્યના આચાર્ય સંઘ ની સંસદ/ કારોબારી સભા માં અવશ્ય હાજરી આપવાની રહેશે.

G. બોર્ડની કોઈપણ કામગીરીમાં ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ મહામંત્રી સાથે ચર્ચા વિચારણા કરવાની રહેશે તેમજ બોર્ડની કામગીરીથી પ્રમુખ તથા મહામંત્રીને વાકેફ કરવાના રહેશે.

બળવાખોર ઉમેદવાર કાયમી ધોરણે (આજીવન ) રાજય / જિલ્લા સંઘના પ્રાથમિક સભ્ય પદે રહી શકશે નહિ. બળવાખોર ઉમેદવારને પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરનાર ને પણ તાત્કાલિક પાર્લામેન્ટરી બોર્ડ કાયમી ધોરણે (આજીવન ) સસ્પેન્ડ કરી બહાલી માટે રાજ્ય આચાર્ય સંઘને ભલામણ કરશે.

| ક્રમ | હોદ્દો | નામ |
|---|---|---|
| (૧) | અધ્યક્ષ | શ્રી જે પી પટેલ (હોદ્દાની રુએ) |
| (2) | સભ્યશ્રી | ભાનુપ્રસાદ એ પટેલ (હોદ્દાની રુએ) |
| (3) | સભ્યશ્રી | અમિત આર પંડ્યા (હોદ્દાની રુએ) |

Scanned with OKEN Scanner

(4) સભ્યશ્રી પંકજકુમાર સી પરમાર (હોદ્દાની રુએ)

(5) સભ્યશ્રી એસ પી સરસાવડીયા(હોદ્દાની રુએ)

(6) સભ્યશ્રી ભરતભાઈ એમ ચૌધરી (હોદ્દાની રુએ)

(7) સભ્યશ્રી કેતનભાઈ સી પટેલ (હોદ્દાની રુએ)

(8) સભ્યશ્રી સુનીલકુમાર સી બરોચીયા (હોદ્દાની રુએ)

(9) સભ્યશ્રી મિતેશકુમાર એસ પટેલ (હોદ્દાની રુએ)

(10) સભ્યશ્રી નરેન્દ્રસિંહ દેવડા - બ.કાં. (ઉત્તર ઝોન )

(11) સભ્યશ્રી દીપેશભાઈ ગામીત - તાપી (દક્ષિણ ઝોન )

(12) સભ્યશ્રી રજનીભાઈ પટેલ - ખેડા (મધ્ય ઝોન )

(13) સભ્યશ્રી જગદીશભાઈ ભેટારીયા, દેવભૂમિ દ્વારકા (સૌરાષ્ટ્ર ઝોન )

અધ્યક્ષ. પ્રમુખ મહામંત્રી મહામંત્રી મહામંત્રી મહામંત્રી

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

Scanned with OKEN Scanner

# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ પાર્લામેન્ટરી બોર્ડ – 2024

સારસ્વતભવન, અભિષેક બિલ્ડિંગ, સેક્ટર-11 ગાંધીનગર.

## બાંહેધરી

આથી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ અમો નીચે સહી કરનાર સભ્યોએ ઉપસ્થિત રહી અમારા જિલ્લા..................................ના. ઉમેદવાર શ્રી ..............................................................................ને સત્તાવાર ઉમેદવાર જાહેર કરવા માટે રજૂઆત કરેલ છે. અમારી રજૂઆતના આધારે અમારા ઉમેદવારને માન્ય ઉમેદવાર તરીકે જાહેર કરવા વિનંતી કરેલ છે.

અમો ખાતરી આપીએ છીએ કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં અમારા ઉમેદવારને સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કરવામાં ન આવે તો પણ અમો સંગઠનને વફાદાર રહીશું અને સંગઠનના હિત વિરુદ્ધની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરીશું નહીં તેમજ એવા કોઈ ઉમેદવારને ટેકો જાહેર કરીશું નહીં. પાર્લામેન્ટરી બોર્ડના તમામ નિયમ અમોને બંધન કરતા રહેશે.

| ક્રમ | નામ | હોદ્દો | જિલ્લો | સહી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

Scanned with OKEN Scanner

# ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂંટણી ૨૦૨૪ આચાર્ય સંવર્ગ માટેનું ઉમેદવારીપત્ર

1. ઉમેદવારનું નામ :- ..........................................................................................................

2. જન્મ તારીખ :- ..........................................................................................................

3. શાળાનું નામ તથા સરનામું :- ..........................................................................................................

..........................................................................................................

4. ઘરનું સરનામું :- ..........................................................................................................

..........................................................................................................

મોબાઈલ નંબર :- ..........................................................................................................

5. આચાર્ય તરીકે નિમણુંક તારીખ.................................................. નિવૃત્તિ તારીખ ..................................................

6. (ક) જિલ્લા ઘટક સંઘની સભ્ય ફી પહોંચ નંબર..................................તારીખ ..................................................

(ખ) રાજ્ય કલ્યાણનિધિ ફી પહોંચ નંબર...................................... તારીખ ..................................................

(ગ) માધ્યમિક શિક્ષણ બોર્ડ નો મતદારયાદી ક્રમાંક......................... જિલ્લો..................................................

7. ઘટક સંઘનો હોદ્દો.................................................. ક્યારથી..................................................

8. રાજ્ય આચાર્ય સંઘનો હોદ્દો.................................................. ક્યારથી..................................................

9. ઘટક/રાજ્ય સંઘમાં કામગીરીની ટૂંકી વિગત :-

(ક) ..........................................................................................................

(ખ) ..........................................................................................................

(ગ)..........................................................................................................

10. સામાજિક ક્ષેત્રે પ્રદાન..........................................................................................................

..........................................................................................................

11. શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન ..........................................................................................................

..........................................................................................................

મહામંત્રી ..........................આચાર્ય સંઘ

પ્રમુખ ..........................આચાર્ય સંઘ

Scanned with OKEN Scanner

# સોગંદનામુ

હું નીચે સહી કરનાર..........................................................ઉ.વ. ............ ધંધો- ............... ધર્મ- .................... રહે............................................................................................................................................................................. ઈશ્વરને સાક્ષી રાખીને સોગંદનામું કરી જાહેર કરૂ છું.

(૧) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના અદના અને વફાદાર સભ્ય તરીકે સંઘ પ્રત્યે મારી નિષ્ઠા જાહેર કરું છું.

(૨) મારી ઉમેદવારી અંગે પાર્લામેન્ટરી બોર્ડ તરફથી જે કાંઈ માહિતી માંગવામાં આવે તે પૂરી પાડીશ અને મને જયારે , રુબરુ બોલાવવામાં આવે ત્યારે હાજર રહીશ.

(૩) પાર્લામેન્ટરી બોર્ડનો નિર્ણય જે હોય તે મને માન્ય અને બંધનકર્તા રહેશે.

(૪) ગુજરાન રાજ્ય આચાર્ય સંઘના નીતિ નિયમોની મર્યાદામાં રહીને ચુંટણી પ્રચાર સંઘની દોરવણી મુજબ કરીશ.

(૫) જો હું ચૂંટાઈશ તો ગુજરાન રાજ્ય આચાર્ય સંઘના આદેશ મુજબ બોર્ડમાં કામગીરી કરીશ અને મારી કામગીરીની જાણ વખતો વખત ગુજરાન રાજ્ય આચાર્ય સંઘ, સંસદ તેમજ ઘટક સંઘોને નિયમિત કરતો રહીશ.

(૬) ગુજરાન રાજ્ય આચાર્ય સંઘની કારોબારી/સંસદની મિટીંગોમાં અવશ્ય હાજરી આપીશ. અનિવાર્ય સંજોગોમાં હાજર ન રહેવાય તો અગાઉથી ગુજરાન રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખશ્રીની મંજુરી મેળવીશ.

(૭) પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા મારી પસંદગી કરવામાં નહિ આવે તો પણ ગુજરાન રાજ્ય આચાર્ય સંઘના શિસ્તબદ્ધ સૈનિકની અદાથી પાર્લામેન્ટરી બોર્ડના તમામ નિર્ણય માથે ચઢાવીશ અને ગુજરાન રાજ્ય આચાર્ય સંઘના પસંદ કરેલા ઉમેદવારને જીતાડવા તન , મન , ધનથી પૂર્ણ વફાદારી અને નિષ્ઠા પૂર્વક ફરજ નિભાવીશ.

(૮) ઉપરોકત જણાવેલ આદેશોનું ચૂસ્તપણે પાલન કરવામાં નિષ્ફળતા લાગે તો ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ મારા ઉપર શિસ્તભંગના જે પગલાં ભરશે તે મને મંજુર રહેશે તેની ખાત્રી આપું છું.

તા:

(ઉમેદવાર ની સહી)

ઘટક સંઘના પ્રમુખશ્રીની સહી

ઘટ સંઘના મહામંત્રીશ્રીની સહી

Scanned with OKEN Scanner

# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

સારસ્વતભવન, અભિષેક બિલ્ડિંગ, સેક્ટર-11 ગાંધીનગર.

## પાર્લામેન્ટરી બોર્ડ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સામાન્ય ચુંટણી સપ્ટેમ્બર ૨૦૨૪ માટે નોધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય સંવર્ગ

(ખંડ– ૧)

| તારીખ | કાર્યવાહીની વિગત |
|---|---|
| ૨૯/૦૮/૨૦૨૪ ગુરુવાર | ➢ જિલ્લા કક્ષા એ થી પાર્લામેન્ટરી બોર્ડ મા નામ મોકલવાની છેલ્લી તારીખ<br>➢ તા:- ૨૮/૦૮/૨૦૨૪ ને બુધવાર પહેલા જિલ્લા / શહેર ઘટક સંઘે કારોબારી બોલાવી તા- ૨૯/૦૮/૨૦૨૪ ને ગુરુવાર સુધીમાં ઉમેદવારોના નામ મોકલી આપવા.<br>➢ જિલ્લા / શહેર ઘટક સંઘ પોતાના જિલ્લા / શહેરમાંથી એકજ નામ મોકલી શકશે. |
| 30/૦૮/૨૦૨૪ શુક્રવાર | ➢ ઉમેદવારી ફોર્મ ની ચકાસણી અને રૂબરૂ સુનાવણી સમય સવારે – ૧૦.૦૦ કલાકે |
| ૧/૦૯/૨૦૨૪ રવિવાર સાંજે ૬.૦૦ કલાકે | ➢ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પસંદગી પામેલ સત્તાવાર (માન્ય) ઉમેદવારની જાહેરાત |

અધ્યક્ષ પ્રમુખ મહામંત્રી

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ.

Scanned with OKEN Scanner